**Royal Commission**
**into Aged Care Quality and Safety**

GUJARATI

# વૃદ્ધોની સારસંભાળમાં ગુણવત્તા અને સલામતી માટે રોયલ કમિશન

## (The Royal Commission into Aged Care Quality and Safety)

વૃદ્ધોની સારસંભાળની સેવા આપતી સંસ્થાઓની ગુણવત્તા અને તે સંસ્થાઓ ઓસ્ટ્રેલિયાનાં સમાજની જરૂરિયાતને પહોંચીવળે છે કે કેમ તેની ખાતરી કરવા માટે વૃદ્ધોની સારસંભાળમાં ગુણવત્તા અને સલામતી હેતુ રોયલ કમિશન રચવામાં આવ્યું છે. તેમાં:

- ઘરે રહેતાં વૃદ્ધોની સારસંભાળ,
- ડીમેન્શીયા (ચિત્તભ્રમ)થી પીડિત વ્યક્તિઓ અને
- વૃદ્ધોની સારસંભાળ રાખતી સંસ્થામાં રહેતા વ્યક્તિઓ તથા નાની ઉંમરનાં અપંગોનો પણ સમાવેશ થાય છે.

કમિશન શહેરોમાં તથા શહેરથી દૂરના પ્રદેશો અને અંતરિયાળ વિસ્તારોમાં પૂરી પાડવામાં આવતી સારસંભાળની સેવાની તપાસ કરશે. ભવિષ્યમાં વૃદ્ધોની સારસંભાળની સેવા કઇ રીતે ઉત્તમ બનાવી શકાય તેના પર પણ ધ્યાન આપશે.

કમિશનને તમારા સારા અને નરસા બંને પ્રકારનાં અનુભવો સાંભળવામાં રસ છે. વૃદ્ધોની સારસંભાળ માટેની સેવાઓને વધુ સારી બનાવવા માટે તમારા સૂચનોની પણ તેમને જરૂર છે. તમે તમારી વાત કમિશન સુધી નીચેની પધ્ધતિઓથી પહોંચાડી શકો છો:

- 1800 960 711 પર (જાહેર રજાનાં દિવસ સિવાય સોમથી શુક્રમાં, પૂર્વ ઓસ્ટ્રેલિયાનાં સમય મુજબ સવારે 8 થી સાંજના 8 સુધીમાં) ફોન દ્વારા (દુભાષિયા સેવા ઉપલબ્ધ છે)
- લેખિતમાં GPO Box 1151, Adelaide SA 5001 પર પત્ર મોકલીને (અમે તમારા પત્રોનું ભાષાંતર કરી લઈશું)
- ઓનલાઇન ફોર્મ ભરીને: https://agedcare.royalcommission.gov.au/submissions/Pages/default.aspx
- ઈમેલ મારફતે ACRCenquiries@royalcommission.gov.au

**જો તમારે વૃદ્ધોની સારસંભાળની સેવા કરતી સંસ્થા સામે તાત્કાલિક પગલાં લેવાની જરૂર હોય**

રોયલ કમિશન વ્યક્તિગત વિવાદો અથવા ફરિયાદોનું નિવારણ ન કરી શકે. તે, જે તે સારસંભાળ કરતી સંસ્થાને કે વ્યક્તિને ચોક્કસ પગલાં લેવાનું કે વળતર ચૂકવવાનું ન કહી શકે. તેમ છતાં, તે ઓસ્ટ્રેલિયાની સરકારની નાણાંકીય મદદથી ચાલતી વૃદ્ધોની સારસંભાળની સેવા કરતી સંસ્થાઓ વિરુદ્ધ ફરિયાદો માટેનું માધ્યમ હોવાથી તેમને આવા સંજોગોમાં મદદરૂપ થઇ પણ શકે.

જો તમે અત્યારે કોઇ વ્યક્તિને પૂરી પાડવામાં આવતી વૃદ્ધોની સારસંભાળની સેવાની ગુણવત્તા વિષે ફરિયાદ કરવા માંગતા હોવ તો તમે વૃદ્ધોની સારસંભાળમાં ગુણવત્તા અને સલામતી માટેનાં કમિશનનો 1800 951 822 પર અથવા agedcarequality.gov.au. પર સંપર્ક કરશો. દુભાષિયા સેવા ઉપલબ્ધ છે.